# ગુજરાત ની સામાજિક ભૂગોળ

સેમ – 4  ઇલેક્ટિવ- 214

બિપિનભાઈ વાઘેલા

## **પ્રસ્તાવના:**

અનુસુચિત જાતિને અગાઉના સમયમાં અસ્પૃશ્ય ગણવામાં આવતા. જેઓ બંધારણમાં અનુસૂચિત જાતિઓ તરીકે ઓળખાય છે. બૌદ્ધ ધર્મ અપનાવી ને પોતાને નૂતન બૌદ્ધ તરીકે ઓળખાય છે.

-ટી. કે .ઓર્ગેન

પરંપરાગત ભારતીય હિન્દુ સમાજ પાંચ વિભાગમાં વિભાજિત થયેલો હતો.

1]. બ્રાહ્મણ
2]. ક્ષત્રિય
3]. વૈશ્યો
4]. શુદ્ધ
5]. પંચજના (પંચના)

અનુસૂચિત જાતિ એટલે દબાયેલા, કચડાયેલા, પીડિત, ભારતીય સમાજમાં દબાયેલા, કચડાયેલા અને પીડિત લોકોને 'અનુસૂચિત જાતિ' તરીકે ઓળખવામાં આવે છે. તેમજ તેઓને સદીઓ થી સામાજિક, શૈક્ષણિક, આર્થિક ,ધાર્મિક અને નાગરિક જીવનમાં અનેક અન્યાય સહન કરવા પડ્યા છે.

19 મી સદીમાં બ્રિટિશરોએ' અનુસૂચિત વર્ગ' એવું નામ આપ્યું. 1935 માં ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ માં 'અનુસૂચિત જાતિઓ' એવું નામ સુચવ્યું અને સ્વતંત્ર ભારતમાં બંધારણીય નામ' અનુસૂચિત જાતિ 'શબ્દ પ્રયોગ ચાલુ રાખ્યા .આ જાતિ સમૂહ હવે પોતાને 'અનુસૂચિત જાતિઓ' તરીકે ઓળખાવે છે.

# ગુજરાતમાં અનુસૂચિતજાતિઓ પરિચય:

ભારતના પૂર્વ ભાગમાં આવેલ ગુજરાત 5 કરોડ 20 લાખ લોકોની વસ્તી છે કે જે 26 જિલ્લાઓમાં વહેંચાયેલું છે. હિન્દુ ધર્મની 80% વસ્તી છે.  મુખ્ય જ્ઞાતિઓમાં બ્રાહ્મણ,પટેલ,ક્ષત્રિય,કોળી,આહીર,રાજપુતો જેવી જ્ઞાતિઓ છે.અનુસૂચિત જ્ઞાતિઓની વસ્તી કુલ વસ્તી ના 7.1 ટકા વસ્તી છે. જેમાં વણકર,રોહિત,દેવીપુજક જેવી જ્ઞાતિઓનો સમાવેશ થાય છે.

આ જાતિના લોકો માટે તેઓના ઉત્થાન અને વિકાસ માટે કેટલીક સરકારી નીતિઓ,કાર્યક્રમો અને બંધારણીય હક્કો માટે અનામત ને અનુસાર બેઠક રાખવામાં આવી છે.રાજકીય ક્ષેત્રે સ્થાનિક સ્વરાજ્થી શરૂ કરીને વિધાનસભાની બેઠકો પણ અનામત રાખવામાં આવી છે. તેમજ શિક્ષણના ક્ષેત્રે પણ 7 ટકા જે અનામત બેઠકોની જોગવાઇ કરવામાં આવેલી છે.અનુસૂચિત જાતિઓ સાથે સંઘર્ષો,અત્યાચાર, અન્યાય,ભેદભાવ જેવી બાબતો જોવા મળે છે.

અનુસૂચિત પ્રત્યે કોઈ કારણોસર અપમાન કરવું (વાણી,વર્તન અને વ્યવહાર થી.)
અનુસૂચિત સ્ત્રીઓ પ્રત્યે બળપૂર્વક,અત્યાચાર અને છેડતી કરવી.
શારીરિક રીતે ઈજા પહોંચાડવી,હત્યાઓ કરવી.
અનુસૂચિતની જમીન પચાવી પાડવી,ઝૂંટવી લેવી.
અનુસૂચિત જાતિના રહેઠાણ કે ગામ છોડવાની ધમકી કે જબરદસ્તી કરવી.
અનુસૂચિત ની જમીન અધિકાર કે પાણીના વપરાશ સંબંધી દખલગીરી કરવી.
અનુસૂચિત ને બંધુઆ મજૂર તરીકે મજૂરી કરાવવી.
જાણી સમજીને અનુસૂચિત નું અપમાન કરવું.
હલકા એ નિમ્ન જ્ઞાતિના ગણીને અસ્પૃશ્યતાનું આચરણ કરવું.

ગુજરાતમાં 1998માં એક લાખની વસ્તી ની તુલનામાં 62 ગુનાઓ અનુસૂચિત જાતિ સાથે કરવામાં આવતા હતા.જે સમગ્ર ભારતમાં બીજા ક્રમે હતું.ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરીના કુલ અનુસૂચિત જાતિની  સંખ્યા 4074447 ની હતી.

ગ્રામીણ વિસ્તારમાં 22 81573 લોકો વસતા હતા. અને શહેરી વિસ્તારમાં 1792874લોકોની વસ્તી હતી.સૌથી વધુ અમદાવાદ કે જ્યાં 759483 ની વસ્તી હતી.બે લાખથી વધુ વસ્તી કચ્છ,બનાસકાંઠા,રાજકોટ,જુનાગઢ,વડોદરા જિલ્લામાં છે. જ્યારે પોરબંદર,દાહોદ, નર્મદા,ડાંગ,નવસારી,વલસાડ,તાપી જિલ્લામાં 50 હજારની આસપાસ વસતી જોવા મળે છે.

ગુજરાતના અનુસુચિતોમાંથી 80% ખેતી વિષયક ક્ષેત્રમાં રોકાયેલા છે. જેમાં સૌથી વધુ મજુરી કાર્ય કરે છે. અનૂસૂચિત ઓની કુલ વસ્તીમાંથી અડધી વસ્તી પાસે જમીન નથી અને તેઓને બીજી પ્રભાવી જ્ઞાતિઓની જમીનમાં મજૂરી કરવી પડે છે.

## ***ગુજરાતમાં અનુસૂચિતજાતિઓ સાથેની અસ્પૃશ્યતા:***

- ગ્રામીણ અનુસૂચિત જાતિના ધાર્મિક દ્રષ્ટિએ જોઈએ તો વિવિધ ધાર્મિક કાર્યક્રમો,મંદિરમાં પ્રવેશ, ધાર્મિક ઉત્સવ,મેળાવડાઓ, તહેવારો પૂજા અર્ચના,પ્રાર્થના,ગાન વગેરે પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા હતા.
- બિન અનુસૂચિત જાતિઓના ઘરમાં પ્રવેશ વસ્તુઓનો ઉપયોગ ભાડાનું ઘર મેળવવાનું,કુવાનો ઉપયોગ,ખાનપાન અંગેની નિયંત્રણો વગેરે બાબતોમાં ભેદભાવ ન રાખવા માટે નિયંત્રણો મુકવામાં આવતા હતા.
- સ્કૂલમાં જાતિ આધારિત ભેદભાવ,અલ્પ શિક્ષણ,અલગ બેઠક વ્યવસ્થા અને સ્કૂલ સફાઈ કામ,મધ્યાહન ભોજનમાં અલગ વ્યવસ્થા જેવી ભેદભાવ યુક્ત વ્યવસ્થા જોવા મળતી હતી.
- અનુસૂચિત જાતિઓ પૈકી 78% શ્રમ -મજૂરી કાર્ય કરે છે.આથી તેઓ ઉધ્વગામી ગતિશીલતાની તકો ઓછી મળે છે. તેથી તેઓ આર્થિક રીતે પછાત જોવા મળે છે.
- ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ પાસે આજે પણ સ્વચ્છતા સંબંધી તમામ કાર્ય કરવામાં આવે છે. માથે મેલુ ઉપાડવાની પ્રથા સંપૂર્ણપણે નાબૂદ હજુ થઇ નથી.
- ગુજરાતમાંઅનુસૂચિત જાતિઓ પર જ્યારે જ્યારે હુમલાઓ થાય છે. ત્યારે કાનૂની મદદ મેળવવામાં અધિકારીઓ તરફથી સહયોગ મળતો નથી અને ગ્રામીણ વિસ્તારોમાં તેઓ સાથે સામાજિક બહિષ્કારનો ભોગ બનવું પડે છે.
- અનુસૂચિત જાતિ અધિનિયમ 1979 નો અમલ બરોબર રીતે લાગુ પાડવામાં આવતો નથી. એટલે કે કાયદાનો અમલ ભેદભાવપૂર્ણ રીતે થાય છે. કાયદેસર રીતે ગુનો નોંધવામાં કોઈ ચોકસાઈ રાખવામાં આવતી નથી.

આજે ગુજરાતમાં અનુસૂચિતજાતિઓ પ્રત્યે અત્યાચાર,ભેદભાવ,શોષણ જેવા રાખવામાં આવે છે. તો એક બનીને સમાજિક અને કાનૂની અધિકાર મેળવવા માટે લડી રહ્યા છે.

# ગુજરાતમાં અનુસુચિત જાતિઓ ની પરંપરાગત સ્થિતિ:

તેઓને વર્ણવ્યવસ્થાની બહાર રાખવામાં આવ્યા હતા. તેઓને ધાર્મિક શૈક્ષણિક અને જાહેર સ્થળોના ઉપયોગ પર નિયંત્રણ હતા. તેઓ નું કાર્ય સ્વચ્છતાનું કે જે સમાજનું અગત્યનું કાર્ય રહ્યું પરંતુ તેઓનું સામાજીક સ્થાન નીચું હતુ.

જ્ઞાતિ વ્યવસ્થાના આધારસ્તંભ સમાન જજમાની વ્યવસ્થા માં અનુસૂચિત જાતિઓ અને સફાઈ કામદાર,મેલું ઉપાડનાર, વણાટકામ,મજુર, શોષિત અને ગુલામી કાર્ય કરવામાં આવતું. તેઓ પુરોહિત,હજામ,ધોબી,સોની,કુંભાર,દરજી જ્ઞાતિઓની સેવાઓથી વંચિત રાખવામાં આવ્યા હતા. ખાનપાન અને સામાજિક વ્યવહારો પર પ્રતિબંધ હતા.

તેઓ આર્થિક રીતે પછાત રહ્યા હોવાથી દેવાદાર હતા. ઊંચી ગણાતી જ્ઞાતિના બંધવા મજૂરી તરીકે ફરજિયાત કામ કરવું પડતું હતું અને શોષણ હતું.

ગામની નિર્ણય પ્રક્રિયામાં તેઓ નો અવાજ ન હતો. તેઓના ઝઘડાઓ પણ ઊંચી જ્ઞાતિના લોકો દ્વારા પતાવવામાં આવતા. આથી તેઓ રાજકીય રીતે પણ અસમર્થ રહ્યા.

શિક્ષણ અધિકાર ન હતો તેથી ઊંચી જ્ઞાતિના લોકો જેવી જીવનશૈલી,વ્યવવાર,બોલી,ભાષાનો ઉપયોગ કરી શકતા નહીં. તેથી તેઓ માં લઘુતાગ્રંથિ જોવા મળતી હતી.

રહેઠાણ,પોશાક,વ્યવસાય,ખોરાક વગેરેમાં ઊંચી જ્ઞાતિના લોકો વચ્ચે તફાવત જોવા મળતા. આથી તેઓ સામાજિક રીતે પછાત ગણાતા.

તેઓના રહેઠાણો મોટાભાગે ગામની બહાર છેવાડાના વિસ્તારમાં રહેતા તેથી તેઓ સમુદાયથી વિખૂટા પડી જતાં તેના મકાનો પર કાચા અને ઝૂંપડા જેવા હતા. માંસાહાર અને મદ્યપાન કરતા અને પોષણયુક્ત આહાર ભાગ્યે જ મેળવી શકતા.

તેઓના પોશાક અલંકાર પણ ઊચી જ્ઞાતિથી ભિન્ન હતા. તેઓના ધાર્મિક દેવી-દેવતાઓ અને તે અંગેના આચરણો ભિન્ન હતા. તેઓના પોતાના પુરોહિત હતા કે જે દ્વારા સંસ્કારો નું કાર્ય થતું.

## ગુજરાતમાં અન્ય પછાત વર્ગો પરિચય:

દરેક સમાજમાં બે પ્રકારના મહત્વના જૂથો જોવા મળતા જ હોય છે. તેમાં એક જૂથ સમગ્ર રીતે પ્રભાવી-સબળ જૂથ અને બીજું જૂથ સમગ્ર રીતે નબળું જૂથ,કાલ માર્ક્સ થિયરી મુજબ શ્રીમંત અને ગરીબ એમ બે વર્ગ હોય છે.આ બન્ને જૂથ પૈકી પ્રભાવી જૂથ સમાજમાં-કોટીક્રમમાં સાપેક્ષ રીતે ઊંચો દરજ્જો ધરાવે છે. તેની પાસે સમૃદ્ધિ છે. તે સામાજિક, આર્થિક, રાજકીય રીતે સદ્ધર છે. જ્યારે બીજા જૂથના સભ્યો સામાજિક- કોટિક્રમમાં સાપેક્ષ રીતે નીચો દરજ્જો ધરાવે છે. તેઓ સમગ્ર દ્રષ્ટિએ નિમ્ન સ્થાન ધરાવે છે. આવા લોકો સામાજિક, આર્થિક શૈક્ષણિક પછાતપણુ ધરાવતા હોય છે. જેને નબળા વર્ગના લોકો ગણવામાં આવે છે .

## નબળા વર્ગો તરીકે અન્ય પછાત વર્ગો નો પરિચય:

એક જ્ઞાતિ, જાતિ કે ધર્મ કે સમુદાયના સભ્યો અનુસુચિત જાતિ - જનજાતીના સમૂહ ની સાપેક્ષ રીતે અલગ સમૂહ છે. સામાજિક રીતે ગરીબ, નિરક્ષર અન્યાય નીચું આર્થિક રીતે પછાત પણ હોવાથી તેઓ સમૂહના વિકાસથી વંચિત રહ્યા હોય તેમજ અમુક અધિકારોના ભોગવટા થી પણ વંચિત પણું અનુભવતા હોય એવા સમૂહને ‘અન્ય પછાત વર્ગો’ તરીકે ઓળખવામાં આવે છે.

ભારતમાં અન્ય પછાત વર્ગોની યાદીમાં 2268 જ્ઞાતિ કે સમૂહો નો સમાવેશ છે. જ્યારે તેની કુલ વસ્તીના 27 ટકા વસ્તી છે. ગુજરાતમાં આ વર્ગમાં આવતા મુખ્ય જ્ઞાતિ સમૂહ ની સંખ્યા 176 થવા પામી છે.

ભારતમાં અન્ય પછાત વર્ગો બંધારણમાં અનુચ્છેદ15 (4)માં ‘નાગરિકોના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો’તરીકે ઉલ્લેખ કર્યો છે. અનુચ્છેદ 340 માં ‘ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ’ અનુચ્છેદ 46 માં ‘લોકો ના નબળા વિભાગોમાં શૈક્ષણિક અને આર્થિક હિતો’ નો ઉલ્લેખ છે.

# વર્તમાન સમયમાં અનુસૂચિતજાતિઓ માં આવેલું પરિવર્તન:

ભારતીય બંધારણ દેશના તમામ નાગરિકોને સમાનતા અને સામાજિક ન્યાયનો સિદ્ધાંત સ્વીકાર્યો .તેમજ સામાજિક ન્યાય અને અધિકારી ના મંત્રાલયને આ જાતિના લોકોના કલ્યાણ માટે ઉત્કર્ષ માટે સુગ્રથનમાટે અને દેશના વિકાસમાં પોતાનું પ્રદાન આપી શકે એવી નીતિઓ અને આયોજનો કરવામાં આવ્યા છે.

બીજી બાજુ અનુસૂચિતજાતિઓ ને માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા જે સુવિધા, સંરક્ષણ, સગવડો, લાભ તેમજ પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યા છે.

1. અનુસૂચિત જાતિઓને પરંપરાગત વ્યવસાય છોડીને નવા વ્યવસાય કરતા થયાં છે.
2. અનુસુચિત જાતિઓનીનવી પેઢી સભ્યો આધુનિક શિક્ષણ લઇ રહ્યા છે .અને તે આધારિત નવી નોકરીઓ અને વ્યવસાય અપનાવી રહ્યા છે.
3. જૂની પેઢીના લોકો પણ પોતાનો પરંપરાગત વ્યવસાય મજબૂરીથી કરી રહ્યા છે .અને તકો મળે તો તે છોડી દેવા તૈયાર છે. આ બાબત ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં વિશેષ જોવા મળે છે.
4. નવા વ્યવસાયો અને આર્થિક પ્રવૃત્તિ વધુ વળતર આપે છે .એવું સ્વીકારી શહેરોમાં અને ગામોમાં અન્ય વ્યવસાયની પસંદગી અનુસૂચિતજાતિઓ માં જોવા મળે છે.
5. અનુસૂચિત જાતિઓના બાળકો હજુ પણ સરકારી શિક્ષણ સંસ્થાઓના અભ્યાસ કરવાનું વલણ ધરાવે છે. સ્કોલરશીપ,યુનિફોર્મ,છાત્રાવાસ,ફી માફી, પાઠ્ય પુસ્તકો વગેરે જેવી સવલતો મળી રહે છે.
6. ગ્રામીણ વિસ્તારમાં બાળકો પણ હવે શિક્ષણ સંસ્થાઓની અનેક વિવિધ પ્રવૃતિઓમાં સહભાગી થતા થયા છે જે પરિવર્તન સૂચક છે
7. તેમજ શાળા કે કોલેજ તરફથી અન્ય ભેદભાવ થતો નથી
8. અનુસૂચિત જાતિના કુટુંબની યુવતીઓને શિક્ષણ આપવાની અને યુવકોની સમાન ધોરણે શિક્ષણ આપવાનું વલણ જોવા મળતું થયું હતું.
9. ઉત્સવો તહેવારો સવર્ણ લોકો સાથે હજુ પણ સાથે રહીને ઉજવણી થતી નથી.
10. કથા,વાસ્તુ, સત્સંગ કે અન્ય ધાર્મિક કાર્યોમાં ભાગીદાર થવાનું વલણ નહિવત જોવા મળે છે.

## સામાજિક અને શૈક્ષણિક પછાત પણ નક્કી કરવા ના માપદંડ:

ભારત સરકાર દ્વારા માંડલ પંચ સામાજિક અને શૈક્ષણિક પછાત પણ નક્કી કરવા માટે ત્રણ વિભાગો (સામાજિક ,શૈક્ષણિક ,આર્થિક) માં કુલ 11 માપદંડો અપનાવ્યા હતા. દરેક સામાજીક માપદંડને 3ગુણ, શૈક્ષણિક માપદંડમાં 2 ગુણ અને અન્ય આર્થિક માપદંડને 1 ગુણ ફાળવવામાં આવ્યા હતા. આ રીતે ૪ સામાજિક માપદંડ (12 ગુણ )ત્રણ શૈક્ષણિક માપદંડ (6 ગુણ)  અને આર્થિક માપદંડ( 4 ગુણ) ત્રણેયના 22 ગુણ માંથી જે જ્ઞાતિ વર્ગને 11 કે તેથી વધુ ગુણ મળી તેને સામાજિક અને શૈક્ષણિક પછાત જ્ઞાતિ વર્ગ ગણવામાં આવ્યા.

13-8-1990 જાહેરનામાથી જે સમયની ભારત સરકારે આ મંડલ પંચની ભલામણોનો સ્વીકાર કર્યો અને સરકારી નોકરીમાં અન્ય પછાત વર્ગો ના માટે 27 ટકા જગ્યાઓ અનામત રાખવામાં આવી. જેનો ખુબ જ વિરોધ થયો. સર્વોચ્ચ અદાલતમાં અનામત જોગવાઈને પડકારતી રિટ પિટિશનો થઈ. 10-11-92 ના રોજ સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો કે આ અનામત અંગેના જાહેરનામાનો અમલ કરવામાં અન્ય પછાતવર્ગોમાં જે વ્યક્તિઓ સામાજિક રીતે વિકસિત છે. તેમાં અનામતના લાભથી બાકાત રાખવા માટે વહીવટી વ્યવસ્થા દ્વારા વ્યવસ્થા ઊભી કરવામાં આવી.

## અન્ય પછાત વર્ગોના વિકાસ નીતિ  અસરો:

અન્ય પછાત વર્ગ-જ્ઞાતિઓના વિકાસ-કલ્યાણ માટેભારત સરકારે તેમજ રાજ્ય સરકારે વિવિધ આયોજન,હેતુઓ,યોજનાઓ,કાર્યક્રમો, નીતિઓ, અમલમાં મૂકી છે. જેના દ્વારા તેઓને સામાજીક, શૈક્ષણિક અને આર્થિક પછાતપણુ દૂર કરવા તેઓને સામાજીક ન્યાય આપવા તેમજ તેઓનું સશક્તિકરણ કરવાના પ્રયાસો થયા છે જેથી તેઓ શિક્ષણ, નોકરી, રોજગારીમાં તકો મળે અને આર્થિક વિકાસ થાય. આથી તકો મળતા અન્ય પછાત વર્ગોના લોકોને વિકાસના ફાળો મળે છે જે નીચે મુજબ દર્શાવી શકાય.

શિક્ષણની તકો અનામત નીતિના લીધે વધી. નોકરીની તકો અનામત બેઠકોથી વધવા લાગી. વહીવટી વ્યવસ્થામાં તેઓનું પ્રતિનિધિત્વ વધ્યો. શૈક્ષણિક,વ્યવસાયિક અને આર્થિક ગતિશીલતા વધવા લાગી. અન્ય સમૂહથી હરોળમાં  આવવાની તકો મળવા લાગી.

અન્ય પછાત વર્ગ અને તેની વિકાસની નીતિ ના લીધે આ વર્ગો જ્ઞાતિઓમાં સામાજિક પરિવર્તનો આવ્યા અને આ લોકોમાં પરંપરાગત વ્યવસાયો કે રોજગાર હતા તેમાં પરિવર્તન જોઇ શકાય છે.

# અન્ય પછાત વર્ગોને વિવિધ પંચો:

ગુજરાતમાં પછાત વર્ગોમાં અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો નો સમૂહ છે જે નક્કી કરવામાં ચોક્કસ માપદંડ છે. આ વર્ગો નક્કી કરવામાં કોઈ મુશ્કેલીઓ નથી પડતી. જેમાં મુખ્યત્વે 1972માં ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ અને કાયદા પંચના અધ્યક્ષ શ્રી એ. આર.બક્ષી ના અધ્યક્ષપણા હેઠળ  પંચની નિમણુક કરવામાં આવી. જે 'બક્ષીપંચ' તરીકે જાણીતું છે. આ પંચમાં નિષ્ણાંતોની નિમણૂક કરવામાં આવી. જેમાં સમાજશાસ્ત્રી ડો.આઈ.પી. દેસાઈ પંચના એક સભ્ય તરીકે હતા. તેઓના સૂચન મુજબ બક્ષીપંચ  સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ગણાવાની નક્કી કરવામાં 'જ્ઞાતિ સમૂહ' ને એકમ તરીકે ગણવામાં આવી હતી.

1976માં પંચ આ અંગેના અહેવાલ ગુજરાત સરકારને આપ્યા બાદમાં ગુજરાત સરકારે અહેવાલ ની ભલામણ સ્વીકારી અને82 જેટલી જ્ઞાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (sebc)તરીકે જાહેર કર્યા.પ્રમાણે એકથી 82 ની જ્ઞાતિ જાતિઓનો સમાવેશ બક્ષી પંચ અન્વયે તારીખ 1978ના ઠરાવ ક્રમાંક અંગે બી સી આર દસ 89 12834 થી કરાયેલ છે બાદમાં આ યાદીમાં આવનાર સુધારાઓ થતાં રહ્યા છે.

ગુજરાત સરકાર 1981માં સામાજિક શૈક્ષણિક અને આર્થિક પછાત પણ નક્કી કરવા માટે ન્યાયાધીશ શ્રી રાણેના અધ્યક્ષપણા હેઠળ પંચની નિમણુક કરવામાં આવી. આ પંચમાં અનેક નિષ્ણાંતોની નિમણૂક થઈ છે.જેમાં ડો.આઈ.પી.દેસાઈ પણ તજજ્ઞ તરીકે સભ્ય હતા.ભારત સરકારે બંધારણના અનુચ્છેદ 15 અને 16 હેતુ ઓને  અનુલક્ષીને  1979 માં બીજા પછાતવર્ગ પંચની નિમણુક કરી. આ પંચ ના અધ્યક્ષ શ્રી બી.વી. મંડળ હતા.આ પંચને 'મંડલ કમીશન' તરીકે ઓળખાવ્યો તે પંચના તજજ્ઞો અને નિષ્ણાતો પૈકી સમાજશાસ્ત્રી એમ. એન. શ્રી નિવાસ હતા.
ગુજરાત સરકાર દ્વારા બક્ષીપંચ, રાણેપંચ અને અન્ય પંચની રચના કરી અને જે જે જ્ઞાતિઓને અન્ય પછાત વર્ગો (OBC) તરીકે નક્કી કરી તેની યાદી નીચે મુજબ છે.